સંદેશ

Date: 17 November, 2019 Page # 1 (City Life)

**Campus Corner**

ગુજરાતનાં એજ્યુકેશન મિનિસ્ટર ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા IIT-RAMનાં કોન્વોકેશનમાં ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહ્યા

# IITRAMનાં 150 સ્ટુડન્ટ્સને પદવી એનાયત કરવામાં આવી



**૧૫૦ સ્ટુડન્ટ્સમાંથી બી.ટેક મિકેનિકલ એન્જિનિયરિંગ કરી રહેલ સ્ટુડન્ટને સ્પેશિયલ ચેરમેન્સ મેડલ એનાયત કરવામાં આવ્યો**

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટનો ત્રીજો કોન્વોકેશન યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતનાં એજ્યુકેશન મિનિસ્ટર ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ઉપસ્થિત રહ્યાં હતા, ઉપરાંત ગેસ્ટ ઓફ ઓનર તરીકે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ફોર ફંડામેન્ટલ રિસર્ચનાં ડિરેક્ટર પ્રો. સંદિપ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્વોકેશન સેરેમનીમાં સિવિલ એન્જિનિયરિંગનાં ૩૯, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનાં ૩૯, મિકેનિકલ એન્જિનિયરિંગનાં ૪૯, અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં ૯, ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં ૬, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં ૮, સ્ટુડન્ટ્સને પદવી એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત મિકેનિકલ એન્જિનિયરિંગનાં બી.ટેક એક સ્ટુડન્ટને ચેરમેન્સ મેડલ, સિવિલનાં ૩ , ઈલેક્ટ્રિકનાં ૩ અને મિકેનિકલનાં ૩ એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સને ગોલ્ડ, સિલ્વર અને ઈન્સ્ટિટ્યૂટ ગોલ્ડ મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ કોન્વોકેશનમાં ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત ગુજરાતનાં એજ્યુકેશન મિનિસ્ટર ભૂપેન્દ્રિસિંહ ચૂડાસમાએ સ્ટુડન્ટ્સને સંબોધન આપતા જણાવ્યું હતું કે,'આપણો દેશ યુવાઓનો દેશ છે જ્યાં આપણે તેમનાં માટે એવી ફેસિલિટીઝ પૂરી પાડવાની છે કે તેઓ પોતાના ઈનોવેશન્સને વધુ સારી રીતે ડેવલપ કરી શકે. અત્યારની સ્થિતિ તરફ નજર ફેરવીએ તો ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વકરી રહી છે, ગ્લોબલ વોર્મિંગને લીધે રસ્તાઓ જલદીથી ધોવાઈ રહ્યાં છે ત્યારે આગળની પેઢીનાં એન્જિનિયર્સે વધુ સારી સગવડ સાથેના ઈનોવેશન્સ દ્વારા આ પરિસ્થિતિને નાથવાનાં પ્રયાસો કરવાની જરૂર છે. હાલ ટ્રાફિકની પ્રોબ્લમને નાથવા માટે ફ્લાય ઓવર્સ બંધાઈ રહ્યાં છે ફ્લાય ઓવર ઉપર પણ ક્રોસ ઓવર બની રહ્યા છે તો હવે તેનાંથી આગળ વધીને એન્જિનિયર્સે કંઈક વિચારવું જોઈશે. ગ્લોબલ વોર્મિંગને લીધે હવે જાણે દર મહિને વરસાદ પડશે તેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ છે ત્યારે રસ્તાઓ વરસાદનાં પાણીથી ધોવાય નહીં તેવા રસ્તાઓનું નિર્માણ કરવાની આવશ્યકતા બની ગઈ છે. અર્થક્વેકથી બચી શકે તેવી બિલ્ડિંગ્સ પણ હવે એન્જિનિયર્સે બનાવવી પડશે. ગુજરાતે દેશને ઘણાં મહાનુભાવો આપ્યા છે અને તેમની સાથે હવે નવી પેઢીમાંથી પણ પોતાના કાર્યો થકી કંઈક અગત્યનાં કામો કરવાની જરૂર છે.'